https://universitynews.in

Seat No. : ____________

# M.Com. Sem.-I

## Dec. 2016

## 101 Financial Economics

Time : 3 Hours [Max. Marks : 70]

1 (A) નાણાકીય અર્થશાસ્ત્રનો અર્થ, આપી નાણાકીય અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલા વિવિધ ખ્યાલો સમજાવો. 7

અથવા

નાણાંકીય જામીનગીરીઓના લક્ષણો ટૂંકમાં ચર્ચા કરો.

(B) કોઇપણ બેના ટૂંકમાં જવાબ આપો. 4

(i) નાણા બજાર અને મૂડી બજાર વચ્ચેનો તફાવત આપો.

(ii) નાણાંનું સમયમૂલ્ય શોધવાની વિવિધ પધ્ધતિઓ જણાવો.

(iii) જોખમ સંચાલનની વ્યૂહરચનાઓ જણાવો.

(C) નીચેના પ્રશ્નોનો એક કે બે વાક્યોમાં જવાબ આપો. 3

(i) નાણાંકીય બજારમાં કયાં ઘટકોનો સમાવેશ થાય છે ?

(ii) જોખમ અને વળતર વચ્ચે શો સંબંધ છે ?

(iii) અનિશ્ચિતતા એટલે શું ?

2 (A) વ્યાજનો દર એટલે શું ? વ્યાજનો દર નક્કી કરતાં પરિબળો સમજાવો. 7

અથવા

વ્યાજના દર નિર્ધારણ અંગેનો રોકડ તરલતા પસંદગીનો સિધ્ધાંત સમજાવો.

(B) કોઇપણ બેના ટૂંકમાં જવાબ આપો. 4

(i) વ્યાજના દરમાં સમય પરિબળનું મહત્વ સમજાવો.

(ii) વ્યાજદરના સામયિક માળખાનો બજાર વિભાજન સિધ્ધાંત સમજાવો.

(iii) વ્યાજ દરના વિવિધ પ્રકારો જણાવો.

(C) નીચેના પ્રશ્નોનો એક કે બે વાક્યોમાં જવાબ આપો. 3

(i) ઊપજ વક્ર એટલે શું ?

(ii) રેપો રેટ અને રિવર્સ રેપો રેટનો અર્થ આપો.

(iii) જોખમ મુક્ત વ્યાજદર એટલે શું ?

3 (A) આર્બિટ્રેજિંગ એટલે શું ? જુદી જુદી નાણાકીય મિલકતોના મૂલ્યાંકનમાં આર્બિટ્રેજિંગની પ્રક્રિયા સમજાવો. 7

અથવા

કાર્યક્ષમ બજાર પરિકલ્પનાનો ખ્યાલ સંક્ષિપ્તમાં સમજાવો.

(B) કોઇપણ બેના ટૂંકમાં જવાબ આપો. 4

(i) એક કિંમતનો નિયમ સમજાવો.

(ii) મૂડી મિલકત મૂલ્યાંકન મોડેલનો ખ્યાલ આપો.

(iii) મૂલ્યનું હિસાબી માપ કઇ કઇ રીતે રજૂ થાય છે ?

(C) નીચેના પ્રશ્નોનો એક કે બે વાક્યોમાં જવાબ આપો. 3

(i) હિસાબી દ્રષ્ટિએ ચોપડે મૂલ્ય અને બજાર મૂલ્ય કઇ રીતે ગણવામાં આવે છે ?

(ii) પોર્ટફોલિઓ અભિગમ એટલે શું ?

(iii) કાર્યક્ષમ બજાર પરિકલ્પના ત્રણ સ્વરૂપો જણાવો.

4 (A) ડેરિવેટિવ્ઝનો અર્થ આપી, ડેરિવેટિવ્ઝના સાધનોના પ્રકારોની ટૂંકમાં સમજૂતી આપો. 7

અથવા

ઓપ્શનની વ્યાખ્યા આપી, ઓપ્શનના કરારોનું જુદી જુદી સ્થિતિઓમાં નફાકારકતાનું વિશ્લેષણ સમજાવો.

https://universitynews.in

https://universitynews.in

(B) કોઇપણ બેના ટૂંકમાં જવાબ આપો. 4

(i) ફ્યુચર્સ અને ઓપ્શન સોદાઓ વચ્ચેનો તફાવત આપો.

(ii) રાઇટ્સ શેરના ફાયદાઓ જણાવો.

(iii) ફોરવર્ડ સોદાઓનો ખ્યાલ આપો.

(C) નીચેના પ્રશ્નોનો એક કે બે વાક્યોમાં જવાબ આપો. 3

(i) વોરન્ટ્સ એટલે શું ?

(ii) રૂપાંતરક્ષમ બોન્ડ એટલે શું ?

(iii) ડેરિવેટિવ્સ ટ્રેડિંગના ઉદ્દેશો જણાવો.

5 ફક્ત સાચો વિકલ્પ દર્શાવો. 14

(1) નીચેનામાંથી કયું બજાર લોકોમાં બચતની ટેવ પેદા કરે છે ?

(a) કોમોડીટી બજાર (b) વપરાશ બજાર (c) ભૌગોલિક બજાર (d) નાણા બજાર

(2) વ્યાજ દર નિર્ધારણનો રોકડતા પસંદગીનો સિધ્ધાંત કયા અર્થશાસ્ત્રીએ આપ્યો છે ?

(a) પ્રો.કેઇન્સ (b) પ્રો. માર્શલ (c) પ્રો.હીક્સ (d) પ્રો.પીગુ

(3) વ્યાજ દર અને રોકડનાણાંની માંગ વચ્ચે કેવો સંબંધ છે ?

(a) સીધો (b) વ્યસ્ત (c) સમાન (d) અસમાન

(4) વ્યાજનો દર વધે તો લોકોની વિસંગ્રહ કરવાની વૃત્તિ કેવી બને છે ?

(a) તેજ બને (b) મંદ પડે (c) સમાન બને (d) શૂન્ય થાય

(5) આર્બિટ્રેજિંગના કારણે નીચેનામાંથી કયો નિયમ પ્રસ્થાપિત થાય છે ?

(a) માંગનો નિયમ (b) એક કિંમતનો નિયમ (c) લિવરજનો નિયમ (d) પુરવઠાનો નિયમ

(6) નાણાંકીય મિલકતોનું આર્બિટ્રેજિંગ કયા બજારમાં શકય બને છે ?

(a) શેર બજાર (b) કોમોડિટી બજાર (c) ડેરીવેટીવ બજાર (d) એકપણ નહિ

(7) જો એક બોન્ડનો પાકવાનો સમય સાત વર્ષનો હોય તો.........

(a) તે લાંબાગાળાનું સાધન છે. (b) તે ટૂંકાગાળાનું સાધન છે.

(c) તે ખૂબ જ લાંબાગાળાનું સાધન છે. (d) તે મધ્યમ સમયનું સાધન છે.

(8) નીચેનામાંથી કયું સાધન જોખમમુકત વ્યાજના દરોની માહિતી પૂરી પાડે છે ?

(a) ડિબેન્ચરો (b) બાંધી મુદતની થાપણ

(c) ટ્રેઝરી બિલ્સ (d) સર્ટીફિકેટ ઓફ ડિપોઝીટ

(9) ઓ.ટી.એમ.એટલે .......... ?

(a) પૈસાની બહારની બાજુ (b) પૈસા બહારની સ્થિતિ

(c) બજાર બહારની સ્થિતિ (d) સમય બહારના પૈસા

(10) શેરની કિંમત વધવાની અપેક્ષાએ જે ઓપ્શનનો સોદો પાડવામાં આવે તેને શું કહે છે ?

(a) પુટ ઓપ્શન (b) કોલ ઓપ્શન (c) કોલ અને પુટ ઓપ્શન બન્ને (d) એકપણ નહિ

(11) ડેરીવેટીવ્ઝ કરાર એ કયાં બજારનું સાધન છે ?

(a) દેવાં બજાર (b) આંતરરાષ્ટ્રીય બજાર (c) નાણાં બજાર (d) આંતરિક બજાર

(12) ફ્યુચર માર્કેટમાંથી સોદા કરનાર કઇ રીતે બહાર નીકળી શકે છે ?

(a) મુખ્ય જામીનગીરીમાં સોદો પૂરો કરીને (b) વિરૂધ્ધ કરાર કરીને

(c) ઉપરના બન્ને (d) બન્નેમાંથી એકપણ નહિ

(13) નીચેના પૈકી એક નિર્ણય દ્વારા કંપનીના નાણાંકીય સાધનોમાં કોઇ ફેર પડતો નથી.

(a) વોરન્ટ ઇશ્યૂ કરવા (b) કન્વર્ટિબલ બોન્ડ ઇશ્યૂ કરવા

(c) રાઇટ્સ શેર ઇશ્યૂ કરવા (d) બોનસ શેર ઇશ્યૂ કરવા

(14) નીચે પૈકીનું એક પરિબળ, ઓપ્શન પ્રીમિયમને અસર કરતું નથી.

(a) ઇકિવટી શેર પરનું ડિવિડન્ડ (b) વર્તમાન બજાર ભાવ

(c) શેરના ભાવમાં મોટી વધઘટ (d) સોદા તારીખ અને સોદા પતાવટ વચ્ચેનો સમયગાળો

https://universitynews.in

https://universitynews.in

Seat No. : ___________

# M.Com. Sem.-I

Dec. 2016

# 102 Financial Management

Time : 3 Hours [Max. Marks : 70]

સૂચના : દરેક પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલા અંક તેના કુલ ગુણ દર્શાવે છે.

1 (A) નાણાંકીય સંચાલનની ઉત્પત્તિ સમજાવો. 7

અથવા

સંચાલકીય નાણાંકાર્યોની સમજૂતી આપો.

(B) ગમે તે બે લખો. 4

(i) નાણાંકીય મેનેજરની ઉભરતી ભૂમિકાની ચર્ચા કરો.

(ii) તરલતા વિ. નફાકારકતા

(iii) ત્રણ નાણાંકીય નિર્ણયો જણાવો.

(C) નીચેના જવાબ આપો. 3

(i) નાણાંકીય સંચાલનની વ્યાખ્યા આપો.

(ii) શેરદીઠ કમાણી એટલે શું

(iii) સંપત્તિ મહત્તમીકરણ એટલે શું ?

2 (A) "નાણાંનું સમય મૂલ્ય" અંગેનો ખ્યાલ સમજાવો. 7

અથવા

ધંધાકીય જોખમના પ્રકારોની સમજૂતી આપો.

(B) ગમે તે બે લખો. 4

(i) બોન્ડના જુદા જુદા પ્રકારો જણાવો.

(ii) શૂન્ય કૂપન બોન્ડ સમજાવો.

(iii) સામાન્ય વ્યાજનો દર સમજાવો.

(C) નીચેના પ્રશ્નોની જવાબ આપો.

(iii) બજાર જોખમ એટલે શું ?

(iii) ઇક્વિટી શેરમૂલ્ય નિર્ધારણનું H મોડેલ જણાવો.

(iii) ચક્રવૃધ્ધિ મૂલ્ય એટલે શું ?

3 (A) ઇષ્ટકાર્યશીલ મૂડી અંગે નોંધ લખો. 7

https://universitynews.in

અથવા

શ્રી ચિંતન લિ. નીચેના મશીનોમાંથી કોઇ એકની ખરીદી કરવાનું વિચારે છે.

| | મશીન 'X' | મશીન 'Y' |
|---|---|---|
| પડતર (રૂ.) | 1,00,000 | 1,00,000 |
| અંદાજીત આયુષ્ય | 5 વર્ષ | 5 વર્ષ |
| રોકડ પ્રવાહ | રૂ. | રૂ. |
| વર્ષ 1 | 30,000 | 10,000 |
| 2 | 40,000 | 30,000 |
| 3 | 50,000 | 40,000 |
| 4 | 30,000 | 60,000 |
| 5 | 20,000 | 40,000 |

3 નફાકારકતાની નીચે પ્રમાણે ગણતરી કરો.

(i) ચોખ્ખા વર્તમાન મૂલ્યની પધ્ધતિ

(ii) પરત આપ સમય પધ્ધતિ

(ii) સરેરાશ રોકાણના વળતરની પધ્ધતિ

વળતરનો દર 10% છે, 10 % ના દરે વર્તમાન મૂલ્ય પરીબળ નીચે પ્રમાણે છે.

| વર્ષ | 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|---|
| વર્તમાન મૂલ્ય પરિબળ | 0.9091 | 0.8265 | 0.7513 | 0.6830 | 0.6209 |

(B) ગમે તે બે લખો. 4

(i) કાર્યશીલ મૂડીને અસર કરતાં પરિબળો જણાવો.

(ii) મૂડીબજેટનું મહત્વ સમજાવો.

(iii) કાર્યશીલ મૂડીના પ્રકારો જણાવો.

(C) નીચેના જવાબ આપો. 3

(i) ચોખ્ખી કાર્યશીલ મૂડી એટલ શું ?

(ii) પરત આપ સમય એટલે શું ?

(iii) આંતરિક વળતરના દરનું સૂત્ર જણાવો.

4 (A) સ્મિતલ લિ. સંબંધી નીચે વિગતો પ્રાપ્ય છે. 7

| | | |
|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી (દરેક રૂ. 10 નો શેર) | રૂ. | 1,40,000 |
| અનામતો | રૂ. | 60,000 |
| 10 % પ્રેફરન્સ શેરમૂડી (દરેક રૂ. 100 નો) | રૂ. | 40,000 |
| 14 % ના ડિબેન્ચર્ય દરેક રૂ. 100 નો) | રૂ. | 1,60,000 |

(i) ઇક્વિટી મૂડી પડતર 16% છે અને અનામતોની મૂડી પડતર ઇક્વિટી મૂડી પડતર કરતાં 1 % નીચી છે.

(ii) કંપનીને લાગુ પડતો કરવેરાનો દર 60 % છે.

(iii) સરેરાશ બજાર કિંમત નીચે મુજબ છે.

(i) ઇક્વિટી શેર રૂ. 16 (ii) પ્રેફરન્સ શેર રૂ. 70 અને (iii) ડિબેન્ચર્સ રૂ. 80 છે.

નીચેની ગણતરી કરો.

(i) ચોપડા મૂલ્ય મુજબ ભારિત સરેરાશ મૂડી પડતર

(ii) બજાર મૂલ્ય મુજબ ભારિત સરેરાશ મૂડી પડતર

અથવા

(A) નીચેની વિગતો મહેશ્વરી લિમિટેડને લગતી છે. 7

| | |
|---|---|
| ઇક્વિટી શેરમૂડી (દરેક રૂ. 10 નો) | રૂ. 2,00,000 |
| 10 % ના ડિબેન્ચર્સ (દરેક રૂ. 100 નો) | રૂ. 2,00,000 |
| વેચાણ | રૂ. 6,00,000 |
| ચલિત કાર્યકારી ખર્ચા | રૂ. 4,50,000 |
| સ્થિર કાર્યકારી ખર્ચા | રૂ. 50,000 |
| કરવેરાનો દર | રૂ. 40 % |

આ વિગતોને આધારે કામગીરી લિવરેજ નાણાંકીય લિવરેજ અને સંયુક્ત લિવરેજની ગણતરી કરો.

(B) ગમે તે બે લખો. 4

(i) આદર્શ મૂડી માળખાના લક્ષણો જણાવો.

(ii) ડિવિડન્ડ નીતિના નિર્ણાયક પરિબળો જણાવો.

(iii) મૂડીના લાંબાગાળાના સાધનોની ચર્ચા કરો.

(C) નીચેના જવાબ આપો. 3

(i) ચોખ્ખી કામગીરી આવક (NOI) નો ખ્યાલ ટૂંકમાં સમજાવો.

(ii) મૂડીપડતરની વ્યાખ્યા આપો.

(iii) મૂડીમાળખાના પ્રકારો જણાવો.

5 સાચો વિકલ્પ પસંદ કરો. 14

(1) ............ ઉત્પાદનલક્ષી ટેકનોલોજી માટે ઓછાં નાણાંની જરૂર પડે છે.

(a) મૂડી પ્રધાન (b) માલસામગ્રી પ્રધાન (c) શ્રમપ્રધાન (d) સેવા પ્રધાન

(2) કરવેરા બાદ કર્યા પછીના નફાનો ઉપયોગ કઇ બાબત માટે થાય ?

(a) અન્ય હિસ્સેદારોમાં વહેંચણી (b) ધંધામાં પુન: રોકાણ

(c) શેરહોલ્ડરોને ડિવિડન્ડ (d) ઉપરની તમામ બાબત માટે

(3) નાણાં કાર્યના પ્રણાલિકાગત અભિગમમાં કયા મુખ્ય ફેરફાર આવ્યા છે.

(a) નાણાંની પ્રાપ્તિ (b) નાણાંનો મહત્તમ ઉપયોગ

(c) નાણાંની વહેંચણી (d) ફક્ત (b) અને (c)

(4) અર્ધ વાર્ષિક એટલે દર વર્ષે .......... મહિને ચુકવાતું વ્યાજ

(a) 4 (b) 6 (c) 3 (d) 9

(5) .............. કંપનીને નીચી પડતરે ભંડોળ પુરૂ પાડે છે.

(a) ટૂંકાગાળાના નાણાં (b) દેવાંના ભંડોળ (c) આંતરિક ભંડોળ (d) (a) અને (b) બંને

(6) બોનસ શેર આપવાથી કોનું મૂડીકરણ થાય છે.

(a) મૂડી અનામતનું (b) સામાન્ય અનામતનું (c) (a) અને (b) નું (d) ડિબેન્ચરનું અનામત

(7) કયું સૌથી ખર્ચાળ મૂડીનું સાધન છે.

(a) નવા ઇકિવટી શેર (b) નવું દેવું (c) નવા પ્રેફરન્સ શેર (d) ચોખી મુકેલ કમાણી

(8) ચોખ્ખી કાર્યશીલ મૂડી એટલે .........

(a) કુલ મિલકતો બાદ સ્થાવર મિલકતો (b) ચાલુ મિલકતો બાદ ચાલુ જવાબદારી

(c) ચાલુ મિલકતો બાદ માલસામગ્રી (ઇન્વેન્ટરીસ) (d) ચાલુ મિલકતો

(9) શેરદીઠ કમાણીની ગણતરી માટે કર અને પ્રેફરન્સ ડિવિડન્ડ પછીનો નફો શેનાથી ભગાય છે.

(a) ઇકિવટી શેરની બજાર કિંમત (b) ઇકિવટી શેરની સંખ્યા

(c) ઇકિવટી શેરની મૂળ કિંમત (d) કોઇપણ નહિ

(10) ડિવિડન્ડ ત્યારે જ વહેંચવામાં આવે જ્યારે .............. ઇચ્છે છે.

(a) શેરહોલ્ડરો (b) વાર્ષિક સામાન્ય સભાના પ્રમુખ

(c) ડિરેક્ટરો (d) કંપની સેક્રેટરી

(11) વળતરનો દર મૂડી પડતર કરતા ........... હોય તો ડિવિડન્ડ નીતિ શેરના બજાર મૂલ્યને અસર કરતી નથી.

(a) વધુ (b) ઓછો (c) સમાન (d) ત્રણ ઘણો ઓછો.

(12) નહિ ચુકવાયેલ ડિવિડન્ડ કેટલા દિવસમાં "નહિ ચૂકવાયેલ ડિવિડન્ડ" ખાતે જમા કરવું જોઇએ ?

(a) 15 (b) 7 (c) 21 (d) 30

(13) ચોખ્ખી આવકના ખ્યાલમાં ઇકિવટી પડતર (શેરમૂડી પડતર) એ

(a) સ્થિર છે. (b) વધે છે. (c) ઘટે છે. (d) કોઇપણ નહી.

(14) ઉછીની મૂડી આપનારને ........... મળે છે અને મૂળ રકમની પરત ચૂકવણી થાય છે.

(a) નિશ્ચિત વ્યાજ (b) ડિવિડન્ડ (c) અસ્થિર વ્યાજ (d) ઉત્તેજન

https://universitynews.in

https://universitynews.in

Seat No. : ___________

# M.Com. Sem.-I

## Dec. 2016

# 103 Marketing Management

Time : 3 Hours [Max. Marks : 70]

1 (A) કંપનીલક્ષી ખ્યાલોનાં સમાવાતા ઉત્પાદનલક્ષી, પેદાશલક્ષી અને વેચાણલક્ષી ખ્યાલની વિસ્તૃત ચર્ચા કરો. 7

અથવા

માર્કેટિંગ સંચાલન પ્રક્રિયાના ભાગરૂપે - બજારતકોનું વિશ્લેષણ, લક્ષબજારનું સંશોધન અને પસંદગી તેમજ માર્કેટિંગ વ્યુહરચનાનું ઘડતરની વિસ્તૃત ચર્ચા કરો.

(B) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે બે) 4

(1) ગ્રાહકમુલ્યનો ખ્યાલ સ્પષ્ટ કરો.

(2) ગ્રાહક સંતોષ એટલે શું ?

(3) શું ગ્રાહકોને આકર્ષવા માટે શું સૌ પ્રથમ ગ્રાહકની તીરસ્કાર ઘટાડવો જરૂરી છે ?

(C) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. 3

(1) માર્કેટીંગ યોજનાની વ્યાખ્યા સ્પષ્ટપણે જણાવો.

(2) માર્કેટીંગ યોજના વેચાણ વૃધ્ધિમાં કઇ રીતે ઉપયોગી છે ?

(3) માર્કેટીંગ યોજના નવી પેદાશોના વિકાસમાં કઇ રીતે ઉપયોગી છે ?

2 (A) ગ્રાહક વર્તણૂંકનો ખ્યાલ સ્પષ્ટ કરી, ગ્રાહકના પ્રકારો જણાવી ખરીદ નિર્ણય પ્રક્રિયાના તબક્કાઓ ચર્ચો. 7

અથવા

ગ્રાહક વર્તણૂંકને અસરકર્તાં પરિબળોની વિસ્તૃત ચર્ચા કરો.

(B) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે બે) 4

(1) હરિફોની શક્તિની ઓળખ કઇ રીતે કરી શકાય ?

(2) હરિફોની નબળાઇઓની ઓળખ કઇ રીતે કરી શકાય.

(3) બજાર સંશોધન એટલે શું ?

(C) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. 3

(1) બજારીય સંશોધન એટલે શું ?

(2) બજાર વિભાજન એટલે શું ?

(3) બજાર વિભાજનના ફાયદા જણાવો.

3 (A) પેદાશહારમાળા કે પેદાશશ્રેણી એટલે શું ? તેના લક્ષણો ચર્ચો. 7

અથવા

બ્રાન્ડીંગના અર્થ લક્ષણોની વિસ્તૃત ચર્ચા કરો.

(B) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે બે) 4

(1) બ્રાન્ડીંગની મર્યાદાઓ જણાવો.

(2) નવી પેદાશને બજારમાં મૂકવાના હેતુઓ સ્પષ્ટ કરો.

(3) નવી પેદાશના વિચારનો ઉદ્ભવ એટલે શું ?

https://universitynews.in

(C) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. 3

(1) વિતરણકડીના પ્રકારો જણાવો.

(2) કિંમત નિર્ધારણ એટલે શું ?

(3) અસરકારક માર્કેટિંગ માહિતીસંચાર કેવી રીતે કરી શકાય ?

4 (A) સેવાનો ખ્યાલ અને લક્ષણો જણાવો. 7

અથવા

આંતરરાષ્ટ્રિય માર્કેટિંગ એટલે શું ? આંતરરાષ્ટ્રીય માર્કેટીંગ અંગેની આવશ્યકતા શા માટે ઊભી થાય છે ?

(B) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે બે) 4

(1) સેવાના અદૃશ્યપણાના પાસાની સમજૂતી આપો.

(2) સેવાના નાશવંતપણાના પાસાની સમજૂતી આપો.

(3) સેવાનું વર્ગીકરણ કરો.

(C) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. 3

(1) પેદાશ એટલે શું

(2) પેદાશનું સંચાલન કેવી રીતે કરી શકાય

(3) પેદાશ સહાયક સેવા એટલે શું ?

5 નીચેના વિધાનો સાચા છે કે ખોટાં તે જણાવો. 14

(1) માર્કેટીંગ એ માહિતીસંચાર કરવા તથા ગ્રાહક સંબંધોનું સંચાલન કરવા માટેનું એક મોટાપાયાનું વ્યવસ્થાતંત્રીય કાર્ય છે.

(2) માર્કેટીંગનો ઉત્પાદનલક્ષી ખ્યાલ ગ્રાહકને ઉત્તમ ગુણવત્તાની વસ્તુપુરી પાડવા પર આગ્રહ રાખે છે.

(3) માર્કેટીંગનો પેદાશલક્ષીખ્યાલ ગ્રાહકને ઉત્તમ ગુણવત્તાવાળી વસ્તુ તેના દ્વાર સુધી પહોંચાડવા આગ્રહ રાખે છે.

(4) માર્કેટીંગ પ્રવૃતિના કારણે વિકસીત દેશોમાં 50 % જેટલી રોજગારી સમાજને આપી શકાય છે.

(5) બજાર વિભાજનનો મનોવૈજ્ઞાનિક આધારમાં વય નીતી કુટુંબની સંખ્યા આવક જેવા પરિબળોનો સમાવેશ થાય છે.

(6) બજાર વિભાજનના વર્તનલક્ષી આધારમાં પ્રાદેશીક બજાર, શહેરી બજાર, ગ્રામ્ય બજાર જેવા પરિબળોનો સમાવેશ થાય છે.

(7) ગ્રાહકવર્તણૂંક એક પ્રક્રિયા છે જે દ્વારા વ્યક્તિ શું, ક્યારે, ક્યાંથી, કેવી રીતે અને કોની પાસેથી વસ્તુ કે સેવા ખરીદવી તે નક્કી કરે છે.

(8) ગ્રાહકવર્તણૂંકને અસરકરતાં સામાજીક પરિબળોનાં ખરીદશક્તિ, ભાવી આવક, શાખ મળવાની શક્યતા જેવા પરિબળોનો સમાવેશ થાય છે.

(9) બજાર સંશોધન અને બજારીય સંશોધન એક જ બાબત છે.

(10) બજાર વિભાજનનો ખ્યાલ નિષ્ફળ સાબિત થયો છે.

(11) બ્રાન્ડીંગ એટલે માલ પર કરવામાં આવતી કોઇ નિશાની સંજ્ઞા કે ડિઝાઇન.

(12) બ્રાન્ડીંગ વિવિધ પ્રકારો જોવા મળતા નથી.

(13) પેદાશ અને સેવા વચ્ચે કોઇ તફાવત નથી.

(14) વિકાસશીલ દેશોમાં સેવાઓના માર્કેટીંગનું મહત્વ દિન પ્રતિદિન ઘટી રહ્યું છે.

https://universitynews.in

https://universitynews.in

Seat No. : ___________

# M.Com. Sem.-I

Dec. 2016

# Business Research Methods (104)

Time : 3 Hours [Max. Marks : 70]

નોંધ : બધા પ્રશ્નો સરખા ગુણ ધરાવે છે.

1 (અ) સંશોધન એટલે શું ? તેની વ્યાખ્યાઓ આપો. સંશોધનના પ્રકારો સમજાવો. 07

(બ) સંશોધનની પ્રક્રિયા સમજાવો. 07

અથવા

(અ) વર્ણનાત્મક સંશોધન માળખું અને કાર્યકારણ સંશોધન માળખા વચ્ચેનો તફાવત સમજાવો.

(બ) સંશોધન પ્રપોજલનું માળખું દર્શાવો.

2 (અ) કોષ્ટીકરણ એટલે શું ? આંકડાકીય માહિતીનું કોષ્ટીકરણ કરવા માટેના વિવિધ કોષ્ટકો સમજાવો. 07

(બ) સારા નમૂનાના લક્ષણો વર્ણવો. 07

અથવા

(અ) માહિતી (Data) નાં પ્રકારો સમજાવો.

(બ) આદર્શ પ્રશ્નાવલીનાં લક્ષણો સમજાવો.

3 મધ્યવર્તી સ્થીતીમાનના વિવિધ માપો ઉદાહરણ સહિત સમજાવો. 14

અથવા

(અ) ક્રમાંક સહસંબંધાંક ઉદાહરણ સહિત સમજાવો.

(બ) નોમીનલ અને ઓર્ડિનલ માહિતી ઉદાહરણ સહિત સમજાવો.

4 (અ) F પરીક્ષણ એટલે શું ? તેને વિગતવાર સમજાવો. 07

(બ) ઉત્પકલપનાઓ એટલું શું ? તેના પ્રકારો વર્ણવો. 07

અથવા

પૂર્વાનુંમાન એટલે શું ? વ્યાપારમાં પૂર્વાનુંમાન કરવા માટેના પૂર્વાનુંમાનના વિવિધ પ્રકારો સમજાવો. 14

5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) 14

(અ) ટાઇપ I અને ટાઇપ II દોષો (Errors)

(બ) માપણીના સ્કેલના પ્રકારો

(ક) બિન નિદર્શન માટે Lipstein ના નવ નિયમો

(ડ) આનુક્રમિક નિદર્શન

https://universitynews.in

https://universitynews.in

Seat No. : ___________

# M.Com. Sem.-I

Dec. 2016

# Financial Markects (105)

Time : 3 Hours [Max. Marks : 70]

નોંધ : બધા પ્રશ્નો સરખા ગુણ ધરાવે છે.

1 નાણાકીય સિસ્ટમ એટલે શું ? નાણાંકીય સિસ્ટમના એક અંગ તરીકે વિવિધ નાણાકીય સંસ્થાઓની ભૂમિકા સમજાવો. 14

અથવા

(અ) નાણાકીય બજારોની આર્થિક વૃધ્ધિમાં ભૂમિકા સમજાવો.

(બ) બેંક આધારિત અને બજાર આધારીત નાણાંકીય સિસ્ટમ ઉદાહરણ સહિત સમજાવો.

2 નાણાં બજાર એટલે શું ? નાણાં બજારમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના રોલને વિગતવાર સમજાવો. 14

અથવા

(અ) નાણા બજારનાં કાર્યો વર્ણવો.

(બ) નાણાં બજારનાં સાધનો વર્ણવો.

3 મૂડી બજારને વ્યાખ્યાયીત કરો. મૂડી બજારનાં કાર્યો અને પ્રકારો વર્ણવો. 14

અથવા

(અ) મૂડી બજારમાં સેબીનો રોલ વર્ણવો.

(બ) પ્રાયમરી માર્કેટમાં ઇસ્યુ બહાર પાડવામાં મદદરૂપ મધ્યસ્થીઓનું વર્ણન કરો.

4 (અ) સેકન્ડરી માર્કેટની આર્થિક વૃધ્ધિમાં ભૂમિકા સમજાવો. 07

(બ) FIIS એટલે શું ? FIIS ભારતીય સ્ટોક માર્કેટમાં કેવી રીતે કાર્ય કરે છે. 07

અથવા

(અ) ઓપ્શનના પ્રકારો વર્ણવો.

(બ) ડેરીવેટીટ બજારના લક્ષણો વર્ણવો.

5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) 14

(અ) ફોરવર્ડ અને ફ્યૂચર (બ) પબ્લીક ઇસ્યૂના પ્રકારો

(ક) કોમર્શીયલ પેપર (ડ) ટ્રેઝરીબીલ્સ

https://universitynews.in

https://universitynews.in

Seat No. : __________

# M.Com. Sem.-I

Dec. 2016

# Accounting for Managers (106)

Time : 3 Hours [Max. Marks : 70]

નોંધ : બધા પ્રશ્નો સરખા ગુણ ધરાવે છે.

1 (અ) નાણાંકીય પત્રકોના વપરાશકારો વિશે ચર્ચા કરો. 07

(બ) હિસાબી સિદ્ધાંતો સમજાવો. 07

અથવા

(અ) કંપની ધારાના પરિશિષ્ટ 6 મુજબ ઊભા પાકા સરવૈયાનું માળખું બનાવો.

(બ) નાણાંકીય પત્રકોના હેતૂઓ અને સ્વરૂપો સમજાવો.

2 નીચે આપેલા ગુણોત્તરોનાં આધારે ક્રિષ્ના લી. નું તા. 31 મી માર્ચ 2016 નાં રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું બનાવો. તમે કરેલી બધી ગણતરી અને ધારણા દર્શાવો. 14

| | |
|---|---|
| ચાલુ ગુણોત્તર | - 1.75 |
| પ્રવાહી ગુણોત્તર | - 1.25 |
| સ્ટોક ફેર બદલી ગુણોત્તર (આખરના સ્ટોકના આધારે) | 6 વખત |
| કાચા નફાનો ગુણોત્તર | - 20 % |
| સરેરાશ ઉઘરાણી મુદત | - 2 માસ |
| અનામત - મૂડી ગુણોત્તર | - 0.6 |
| સ્થિર મિલકતોનો ફેર બદલી ગુણોત્તર (વેચેલ માલની પડતરના આધારે) | 1.2 |
| મૂડી ગીયરીંગ ગુણોત્તર | - 0.625 |
| કાયમી મિલકતો / ચોખ્ખું મૂલ્ય | - 1.25 |
| વેચાણ | - રૂ. 15 લાખ |

અથવા

(અ) રોકડ પ્રવાહ પત્રકની ઊપયોગીતા સમજાવો. 07

(બ) આર્થિક મૂલ્ય વૃધ્ધિ ઉપર નોંધ લખો. 07

3 (અ) મૂલ્ય વૃધ્ધિ અને નફાનુકશાન ખાતા વચ્ચેનો તફાવત સમજાવો. 07

(બ) માનવ સંપત્તિનાં હિસાબોની જરૂરિયાતો કેટલે અંશે છે ? ચર્ચો. 07

અથવા

ફૂલાવાલક્ષી હિસાબ પધ્ધતિ એટલે શું ? તેની વિવિધ પધ્ધતિઓ ઉદાહરણ સહિત સમજાવો. 14

https://universitynews.in

https://universitynews.in

4 પાર્થ લી. ના 31 મી માર્ચ 2016 ના રોજ પૂરા થતાં વર્ષની માહિતી નીચે મુજબ છે. 14

સામાન્ય ઉત્પાદન ક્ષમતા - 2000 એકમો

ઉત્પાદન અને વેચાણ - 2000 એકમો

એકમદીઠ વેચાણ કિંમત - એકમદીઠ રૂ. 10

પ્રત્યક્ષ માલસામાન રૂ. 2000

પ્રત્યક્ષ મજૂરી રૂ. 2000 પ્રત્યક્ષ ખર્ચાઓ રૂ. 1600

કારખાના શિરોપરી ખર્ચાઓ (15 % ચલિત) રૂ. 4000

ઓફિસ અને વહિવટી ખર્ચાઓ (80 % સ્થિર) રૂ. 4000

વેચાણ અને વિતરણ ખર્ચાઓ (75 % સ્થિર) રૂ. 4000

(અ) સીમાંત પડતરના આધારે આવકનું પત્રક તૈયાર કરો.

(બ) નીચેનાની ગણતરી કરો.

(1) નફા - જથ્થા ગુણોત્તર

(2) સમતૂટ બિંદુ (એકમોમાં)

(3) સમતૂટ બિંદુ (રૂપિયામાં)

(4) સમતૂટ બિંદુ (% માં)

(5) સલામતીનો ગાળો (એકમોમાં)

(6) સલામતીનો ગાળો (રૂપિયામાં)

(7) સલામતીનો ગાળો (% માં)

અથવા

(અ) પડતરનાં પ્રમાલિકાગત અભિગમ તથા પ્રવૃત્તિ આધારિત અભિગમ વચ્ચનો તફાવત સમજાવો.

(બ) અંદાજપત્રીય અંકુશના લાભાલાભ ચર્ચો

5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) 14

(અ) જવાબદારી હિસાબી પધ્ધતિના કેન્દ્રો

(બ) ફોરેન્સીક હિસાબી પધ્ધતિ

(ક) પર્યાવરણલક્ષી હિસાબી પધ્ધતિ

(ડ) સામાજીક હિસાબી પધ્ધતિ

https://universitynews.in